# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪ / 13688

તા. 13/૦૯/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ

જિ.સુરત

વિષય:-રા.ત.નિ.કાર્યક્રમમાં અમલીકરણ માટે સહયોગી થવા બાબત.

સંદર્ભ:-જિલ્લા પંચાતય કચેરી,સુરતનો પત્ર ક્રમાંક નં.જિ.પ./આરોગ્ય /NTCP/ToEFI/અમલીકરણ/૨૪ તા.૨૮/૦૮/૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ જિલ્લા પંચાતય કચેરી,સુરતનો પત્ર અન્વયે ગુજરાત રાજયમાં તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા અને રાજયમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ ના અમલીકરણ માટે તમામ શાળાઓએ સહયોગથી જુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ માટે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

Scanned with OKEN Scanner

# જિલ્લા પંચાયત કચેરી, સુરત
DISTRICT TOBACCO CONTROL CELL, SURAT
ડુમસ-વેસુ રોડ, પીપલોદ, સુરત
DUMAS-VESU ROAD, PIPLOD,SURAT
આરોગ્ય શાખા | HEALTH BRANCH


16097 - 098
જા.નં./જિ.પં./આરોગ્ય/NTCP /ToFEI/અમલીકરણ/૨૪
તા. ૨૮/૦૮/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જીલ્લા પંચાયત કચેરી,સુરત
જિલ્લો સુરત

**વિષય: રા. ત.નિ. કાર્યક્રમ અંતર્ગત સુરત જીલ્લામાં આપના તાબા હેઠળની સ્કૂલોમા ToFEI (Tobacco Free Education Institute) અમલીકરણ માટે સહયોગી થવા બાબત.**

**સંદર્ભ: કમિશનરશ્રી આ.ત.સે. અને ત. શી ગુજરાત સરકાર ના પત્ર STCC/NTCP/TOFEI/શૈક્ષણિક માર્ગદર્શન/૨૧૬૭-૨૩૧૮/૨૪ તા. ૧૩/૦૩/૨૪**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ગુજરાત રાજ્યમાં તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા અને રાજ્યમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ -૨૦૦૩ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીના સહયોગથી ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે.

તમાકુનો ઉપયોગ કેન્સર, રક્તવાહીનીના રોગો, ડાયાબિટીસ, ફેફસાના રોગો,સ્ટ્રોક, વ્યંધત્વ, ટી.બી જેવા રોગો માટે જવાબદાર છે.ભારતમાં તમાકુ ના સેવનથી દરરોજ મૃત્યુ પામતા લોકોની સંખ્યા ૨૮૦૦ થી વધારે છે અને દર મીનીટે બે વ્યક્તિ મોતને ભેટે છે. ભારતમાં કેન્સરના ૧૦૦ કેસો પૈક્કી ૪૦ કેસો તમાકુ સાથે સંકળાયેલા હોય છે.મોઢાના કેન્સરના લગભગ ૯૫% જેટલા કેસો તમાકુના લીધે થાય છે. ૫.૪% વિધાર્થીઓ જેમાં ૬.૩% છોકરાઓ અને ૪.૨% છોકરીઓ તમાકુ ઉત્પાદનનો ઉપયોગ કરે છે. ૫.૧% વિધાર્થીઓ ધુમ્રપાન જયારે ૧.૯% વિધાર્થીઓ ધુમાડા-રહિત તમાકુનો ઉપયોગ કરે છે.

તમાકુ સામે જંગમાં આરોગ્ય, પોલીસ, શિક્ષણ, ફૂડ એન્ડ ડ્રગ જેવા વિભાગોએ સંયુક્ત પ્રયાસ હાથ ધરવા પડશે, સમાજમાં શિક્ષકો એક એવું જૂથ છે જે વિશીષ્ટ ભૂમિકા ભજવી અને ખાસ આ ક્ષેત્ર માટે જનજાગૃતિ માટેનું કાર્ય, બાળકો અને ભાવી નાગરિકો માટે કરી સમાજના વિકાસમાં અને દેશના નાગરિકની તંદુરસ્તીમાં વૃધ્ધિ થાય તેમ કરી સકે એમ છે. શિક્ષકોએ સમાજના ધડવૈયા છે.નાના બાળકો માટે શિક્ષકોએ આદર્શ હોય છે.પોતાના માતા-પિતા કે ઘરના અન્ય સભ્યો કરતા પણ બાળકો પર તેમના શિક્ષકોનો પ્રભાવ વધારે હોય છે.જો શિક્ષકો તમાકુ ની નિયંત્રણ બાબતે સક્રિય ભૂમિકા ભજવશે તો ભવિષ્યની પેઢીને ચોક્કસ પણે તમાકુ ના સેવન થી થતા પ્રલય થી બચાવી શકશે અને એક સ્વસ્થ સમાજનું નિર્માણ થઇ શકશે.આ માટે તમાકુ નિયંત્રણ અધિનિયમ–સિગારેટ અને અન્ય તમાકુ ની બનાવટો (જાહેરાત, વેપાર અને વાણિજ્ય,ઉત્પાદન,સપ્લાય અને વહેંચણી ઉપર પ્રતિબંધ) ૨૦૦૩ (COTPA ૨૦૦૩) અને TOFFI નું અમલીકરણ કરવામાં આવેલ છે. રાજયકક્ષાની સ્ટીયરીંગ કમિટીની મિટીંગમાં જાણવામાં આવેલ મુદ્દાઓનું તથા અત્રે જીલ્લા કક્ષાએ યોજાતી ડીસ્ટ્રીક લેવલ કો- ઓર્ડીનેશ કમિટી મિટીંગમા લેવામાં આવેલ મુદ્દાઓનું અમલીકરણ કરવા આથી જણાવવામાં આવે છે.

ઉપરોક્ત તમામ મુદ્દાઓનું અમલીકરણ અર્થે આરોગ્ય શાખા જીલ્લા પંચાયત, સુરતના સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે તેમજ ઉપરોક્ત જણાવેલ મુદ્દાઓની અમલવારી અર્થે આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં તેમજ તાલુકા કક્ષાએ સંબંધિત અધિકારીશ્રી/કર્મચારીઓને જાણ કરવાની રહેશે.

**ઈ-મેઈલ: tobacco.surat@yahoo.com**

**ચેરમેન**
**જીલ્લા ટોબેકો કંટ્રોલ સેલ અને**
**કલેકટર-સુરત**

બિડાણ: -ToFEI ગાઈડલાઈન
-સંદર્ભપત્ર
-DLCC તા. ૧૧ /૦૭/૨૦૨૪ ની મીટીંગ મીનીટ્સ

<u>નકલ રવાના-</u>
મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, સુરત.
- જાણ તેમજ સંકલનમાં રહી કાર્યવાહી થવા સારું

सत्यमेव जयते
**હર્ષદ આર. પટેલ,** (આઈ.એ.એસ.)
**કમિશનર અને સચિવ**

નં.STCC/NTCP/શૈક્ષણિક/માર્ગદર્શિકા/2167-2314/2024
**કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ**
**ગુજરાત સરકાર**
બ્લોક નં.૫/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન. નં. : + ૯૧ ૭૯-૨૩૨૫૩૨૭૧
E-mail: cohealth@gujarat.gov.in

**તારીખ :** ૧૩/૩/૨૦૨૪

પ્રતિ,

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨, જુના સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સેકટર -૧૯, ગાંધીનગર

<u>વિષય</u> - નેશનલ ટોબેકો કન્ટ્રોલ પ્રોગ્રામ (NTCP) અંતર્ગત રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં ટોબેકો અંગેની કાર્યવાહી કરવા બાબત

સંદર્ભ - તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ સ્ટીયરીંગ કમિટીની મીટીંગમાં મળેલ સુચના અન્વયે

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજયમાં તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા અને રાજયમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીના સહયોગથી ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે.

તમાકુ નો ઉપયોગ કેન્સર, રક્તવાહીનીના રોગો, ડાયાબીટીસ, ફેફસાના રોગો, સ્ટ્રોક, વ્યંધત્વ, ટીબી જેવા રોગો માટે જવાબદાર છે. ભારતમાં તમાકુના સેવનથી દરરોજ મૃત્યુ પામતા લોકોની સંખ્યા ૨૮૦૦થી વધારે છે અને દર મિનીટે બે વ્યક્તિ મોતને ભેટે છે. ભારતમાં કેન્સરના ૧૦૦ કેસો પૈકી ૪૦ કેસો તમાકુ સાથે સંકળાયેલા હોય છે. મોંઢાના કેન્સરના લગભગ ૯૫% જેટલા કેસો તમાકુના લીધે થાય છે. ૫.૪% વિદ્યાર્થીઓ જેમાં ૬.૩% છોકરાઓ અને ૪.૨% છોકરીઓ તમાકુ ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. ૫.૧% વિદ્યાર્થીઓ ધૂમ્રપાન જ્યારે ૧.૯% વિદ્યાર્થીઓ ધૂમાડા-રહિત તમાકુનો ઉપયોગ કરે છે.

સરકારો અને કાયદાઓ ઘડનારાઓ એક ભુમિકા ધરાવે છે. છતાં, આ કાર્ય માત્ર તેમનું જ નથી. પરંતુ તમાકુ સામે જંગમાં સમગ્ર સમાજને જોડાવાની જરૂર છે. તમાકુ સામે જંગમાં આરોગ્ય, પોલીસ, શિક્ષણ, ફૂડ એન્ડ ડ્રગ જેવા વિભાગોએ સંયુક્ત પ્રયાસ હાથ ધરવા પડશે .

સમાજમાં શિક્ષકો એક એવું જુથ છે જે વિશિષ્ટ ભૂમિકા ભજવી અને ખાસ આ ક્ષેત્ર માટે જનજાગૃતિ માટેનું કાર્ય, બાળકો અને ભાવી નાગરિકો માટે કરી સમાજના વિકાસમાં અને દેશના નાગરિકની તંદુરસ્તીમાં વૃધ્ધિ થાય તેમ કરી શકે એમ છે. શિક્ષકોએ સમાજના ઘડવૈયા છે. નાના બાળકો માટે શિક્ષકોએ આદર્શ હોય છે. પોતાના માતા-પિતા કે ઘરના અન્ય સભ્યો કરતા પણ બાળકો પર તેમના શિક્ષકોનો પ્રભાવ વધારે હોય છે. જો શિક્ષકો તમાકુ નિયંત્રણ બાબતે સક્રિય ભૂમિકા ભજવશે તો ભવિષ્યની પેઢીને ચોકકસપણે તમાકુના સેવનથી થતા પ્રલયથી બચાવી શકશે અને એક સ્વસ્થ સમાજનું નિર્માણ થઇ શક્શે. આ માટે તમાકુ નિયંત્રણ અધિનિયમ-સીગરેટ અને અન્ય તમાકુની બનાવટો (જાહેરાત, વેપાર અને વાણિજય, ઉત્પાદન, સપ્લાય અને વહેંચણી ઉપર પ્રતિબંધ) ૨૦૦૩ (COPTA 2003) અને ToFFI નું અમલીકરણ કરવામાં આવેલ છે.

ઉપરોકત સંદર્ભમાં સ્ટીયરીંગ કમિટીની મીટીંગમાં નીચે મુજબના મુદ્દાઓનું અમલીકરણ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) સ્ટેટ લેવલની સ્ટિયરિંગ કમિટીની મિટિંગમાં એક સીનિયર અધિકારીશ્રીને હાજર રહેવા તે સુનિશ્ચિત કરવું.

(૨) શાળાઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના દરેક ૧૦૦ યાર્ડ વિસ્તારમાં તમાકુના ઉત્પાદનો વેચાય છે તે જીલ્લા / કોર્પોરેશનમાં COPTA 6 (B) હેઠળ આરોગ્ય વિભાગ તથા પોલીસના સહયોગથી ૧૦૦ યાર્ડ વિસ્તારમાં આવતા ગલ્લા - દુકાનોમાં ટોબેકોની બનાવટનું વેચાણ અટકાવવા અંગેની યોગ્ય કાર્યવાહી કરાવવી.

(3) શૈક્ષણિક સંસ્થાઓમાં ToFFI ગાઇડ લાઇન અને COTPA-2003 ની કલમ-૬(બી) નું સઘન અમલવારી થાય તે સુનિશ્ચિત કરાવવું.

## <u>ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ :- તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા (ToFEI) શાળા કાર્યક્રમ ગાઈડ</u>

- શાળાના વિદ્યાર્થીઓને વ્યસનથી થતા રોગોની ભયંકરતા અંગે અને તે દેશના યુવાધન માટે ખતરારૂપ છે તે અંગે માહિતી આપવી.
- શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની એક તમાકુ નિયંત્રણ કમિટી નિમવી.
- શાળાના મુખ્ય પ્રવેશ દ્વારા પાસે ધુમ્રપાન પ્રતિબંધિત વિસ્તારનું બોર્ડ લગાડવું.
- વ્યસન છોડવા માટેના વિવિધ ઉપાયો અને માર્ગદર્શન આપવું.
- શિક્ષકો સાથે ખાસ ચર્ચા સભાનું આયોજન કરવું.
- શાળામાં નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા, ક્વિઝ કોમ્પીટીશન, એક પાત્રિય અભિનય, નાટક તેમજ અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓને તમાકુ મુક્ત જીવન માટે સંકલ્પ લેવડાવવો.
- શાળા વિસ્તારથી ૧૦૦ યાર્ડ વિસ્તારમાં તમાકું યુક્ત પદાર્થોનું વેચાણ થઈ શકે નહી તે કાયદાનું પાલન થાય છે કે નહી તે અંગેની તપાસ કરી. જો તમાકુ યુક્ત પદાર્થોનું વેચાણ થતું હોય તો નિયમ અનુસાર કાર્યવાહી કરવી.
- શાળા વિસ્તારથી ૧૦૦ યાર્ડના વિસ્તારમાં તમાકુ યુક્ત પદાર્થોનું વેચાણ કરવું ગુનો બને છે. તેવુ બોર્ડ લગાડવું.
- શાળામાં તમાકુંના સેવનથી થતા રોગોના ચિત્રોનું પ્રદર્શન યોજવું.
- ગામમાં જાહેર જગ્યાએ વ્યસન મુક્તિ અંગેના સૂત્રોનું લખાણ કરાવવું.
- શૈક્ષણિક સંસ્થાની આચાર સંહિતાનાં દિશા નિર્દેશોમાં "કોઇ તમાકુનો ઉપયોગ ન કરો" નાં ધોરણનું પાલન કરવું અને તેના ઉલ્લંઘન કરનાર સામે શૈક્ષણિક સંસ્થાએ નિતિ - નિયમો મુજબ કાર્યવાહી કરવી જોઇએ. શૈક્ષણિક સંસ્થાઓ એ વિદ્યાર્થી, શિક્ષકો, અન્ય કર્મચારી સભ્યો, સ્કુલ બસોના ડ્રાયવરો અને સ્ટાફ અને મુલાકાતીઓ સહિત કોઇને પણ સંસ્થાના પરિસરમાં તમાકુના ઉત્પાદનોના કોઇપણ વપરાશની મંજુરી આપવી જોઇએ નહી
- શૈક્ષણિક સંસ્થાઓએ સ્થાનિક કાયદા અમલીકરણ અધિકારીઓને / આરોગ્ય અધિકારીઓને શાળાની સભાના ભાગ બનવા આમંત્રણ આપવુ જોઇએ અને તમાકુ નિયંત્રણ પર જાહેરમાં સંબોધન કરવુ જોઇએ. આ તમાકુ સંબંધિત મુદ્દાઓ પોલીસી બનાવનારાઓની હિમાયત કરવામાં મદદ કરશે.
- શૈક્ષણિક સંસ્થાઓએ તેમના કર્મચારી, અધિકારી અથવા શિક્ષક અથવા વિદ્યાર્થી પ્રતિનિધિ (ધોરણ-૯ થી... આગળનો વિદ્યાર્થી) માંથી તમાકુ મોનીટર/રો નિયુક્ત કરવા જોઇએ. તમાકુ મોનીટરનાં નામ, હોદ્દો અને મોબાઇલ નંબર સાઇન બોર્ડ ઉપર પ્રદર્શિત કરવા જોઇએ.
- તમાકુ મુક્ત શાળા (શિક્ષક તથા વિદ્યાર્થી)નું નિર્માણ કરવું અને આ અંગેની જાહેરાત કરવી.

બિડાણ - ToFFI ની ગાઇડલાઇન

કમિશ્નર
આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગર

નકલ સવિનય રવાના -

- અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના -

- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, તમામ.
- મિશન ડાયરેકટરશ્રી (NHM), NHM ભવન, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર
- કલેક્ટરશ્રી, જિલ્લા સેવા-સદન, તમામ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામ.
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, તમામ.
- આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા, તમામ.
- એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી, જિલ્લા પંચાયત, તમામ.

Ministry of Health
& Family Welfare
Government of India

# Guidelines

FOR TOBACCO FREE EDUCATIONAL INSTITUTION

(Revised)

# Guidelines for Tobacco Free Educational Institution

(Revised)

# 1. BACKGROUND:

## 1.1 Tobacco Prevalence:

1.1.1 Tobacco use is the single largest cause of preventable deaths and illness worldwide and it kills half of its users prematurely, mostly in their most reproductive age. Tobacco use is a major risk factor for Cancer, Cardiovascular Diseases (CVD), Diabetes, Chronic Lung Disease, stroke, infertility, blindness, Tuberculosis (TB), Oral Cavities etc. There are mainly two forms of tobacco – Smoking Tobacco and Smokeless Tobacco. Cigarettes, bidi, hookah are smoking tobacco whereas khaini, zarda, gutkha etc. are smokeless tobacco.

1.1.2 According to the Global Adult Tobacco Survey (2016-17), 28.6% of adults (15 year and above) in India use tobacco, overall there are about 27 crore tobacco users: 20 crore of them smokeless tobacco users, 10 crore smokers and 3.2 crore use smoking as well as smokeless tobacco. The prevalence of tobacco use is highest in Tripura (64.5%) followed by Mizoram (58.7%) and Manipur (55.1%).

1.1.3 As per the Global Youth Tobacco Survey (GYTS), 2009, 14.6% of students in India aged between 13 to 15 years use tobacco. GYTS is a nationally representative school-based survey of students in grades associated with age 13 to 15 years.

1.1.4 In India, over 13.00 lakh people die from tobacco use every year, i.e. about 3500 people die in India everyday due to tobacco use.

1.1.5 Exposure to Second-hand Smoke (SHS) or passive smoking causes numerous health problems in infants, children and adults including more frequent and severe asthma attacks, respiratory infections, ear infections, sudden infant death syndrome (SIDS), coronary heart disease, stroke, lung cancer etc.

1.1.6 Spitting of tobacco/tobacco products is also a public health hazard, as it may lead to spread of swine flu, pneumonia, gastro-intestinal diseases, creating a potential risk of transmission of Tuberculosis as Tuberculosis Bacilli can survive in spit for an entire day or nuisance to the people in general.

## 1.2 Tobacco Control Efforts:

1.2.1 The Government of India enacted its comprehensive tobacco control law the Cigarettes and other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 (COTPA 2003) in 2004, with a view to make provisions to effect reduction in tobacco use.

1.2.2 Various Rules were notified for effective regulation of tobacco products from time to time. These provided for prohibition of;

- Smoking in public places,
- Sales of tobacco products to and by minors,
- Sale of tobacco products within 100 yards of educational institutions and,
- Direct and indirect advertising and promotion of tobacco products.

1.2.3 Apart from these provisions, display of statutory warning on tobacco packs was also

implemented. The same has now been revised for 85% of pack area to be covered with the warnings along with display of the national quit-line number.

1.2.4 India has also effectively implemented the rules for restricting the depiction of tobacco products in films and television programs. It is mandatory to display the statutory warning during the display of tobacco products in films & television programmes and anti-tobacco video spot & disclaimer at beginning and middle of the films.

1.2.5 Smokeless Tobacco Products such as Gutkha, Zarda, Khaini etc. have been prohibited vide the Food Safety and Standards (Prohibition and Restrictions on Sales) Regulation, 2011 under Food Safety and Standards Act, 2006.

1.2.6 Tobacco control efforts of India gained a fresh impetus with launch of the National Tobacco Control Programme (NTCP) in 2007-08. NTCP is a comprehensive programme, which not only provides a robust framework for implementation of tobacco control laws/initiatives but also focuses on community engagement, school programme, IEC and advocacy.

1.2.7 Various cessation services have been set up under the NTCP. A national quitline was launched in 2016. The capacities of the quitline have now been expanded to cater to the higher volume of calls from prospective quitters in view of display of the quitline number on tobacco packs. The quitline caters to around 2.5 lakh telephone calls every month. Over 400 Tobacco Cessation Centers have been set up. "mCessation" services are also being provided through a mobile app.

A summary provisions for tobacco control under various Acts and Rules is given in **Annexure I**.

## 2. Introduction:

2.1 The second round of Global Adult Tobacco Survey (GATS2) was carried out in 2016-17 and its report was published in 2018. A 6% absolute decline in tobacco use has been observed in GATS2. This demonstrates the success of India's tobacco control efforts.

2.2 However, tobacco use remains very high and these efforts need to be scaled up and sustained. New and emerging electronic products (e-cigarettes and like products) pose new challenges to these efforts.

2.3 Given that the GYTS and GATS indicated that there is significant tobacco use among adolescents and young adults as they are most vulnerable to the exposure to tobacco use, the Government of India had released\launched\prepared the "Guidelines for Tobacco Free Schools/Educational Institutions" in 2008 and "Step by Step Guidelines for implementation of Section 6 (b) of the Act and Rules" in 2017. Many new initiatives have since been taken. The GATS2 data has also suggested that there is need to review the earlier guidelines, hence these guidelines.

2.4 Objective of these Guidelines is to provide a fresh momentum to implementation of tobacco control initiatives among adolescents and young adults. These guidelines may be implemented by any educational institution, including schools at all levels, colleges for higher or professional education and universities, both in public and private sector.

2.5 Implementation of these guidelines should result in –

- More awareness about harmful effects and long-term health impact of tobacco use amongst the students, teachers, workers and officials in educational institutions.
- Awareness about various avenues available for tobacco cessation.
- A healthy and tobacco free environment in educational institutions and all educational institutions becoming tobacco free.
- Better implementation of legal provisions regarding sale and use of tobacco products, especially those related to educational institutions, public places, statutory warnings and minors.

2.6 These guidelines provide a framework for achieving the above-mentioned objectives. Apart from specifying the factors for a Tobacco Free Educational Institution (ToFEI), these guidelines also detail the roles and responsibilities for various stakeholders.

# 3. TOBACCO FREE EDUCATIONAL INSTITUTION

3.1 An Educational Institution (EI) should display “Tobacco Free Educational Institution” signage as specified in **Annexure II** in the premises of the EI; and a “Tobacco Free Area” signage as specified in **Annexure III** outside the EI. The signage could be in the form of boards or wall paints. It may be noted that the formats given in the Annexures II and III are only suggestive. The Educational Institution is encouraged to innovate or adapt the signage according to their capacity and context. Care should also be taken to communicate the correct intended message while customizing the signage. The signage should be displayed in the language of instruction in the Educational Institution and also in the local language if it is so possible.

3.2 The signage should be displayed at prominent places outside and in the premises such as on the boundary wall, the main entrance, the official notice boards and any such place where the management thinks that these would communicate the intended message effectively.

3.3 The Educational Institution should designate Tobacco Monitor(s) from amongst their staff, an official or a teacher or a student representative (the student from class IX onwards). Health & Wellness Ambassadors should also be designated as Tobacco Monitors. The name, designation and phone number of the Tobacco Monitor(s) should also be mentioned on the signages. Multiple Tobacco Monitors may be designated and in-fact it might be a good idea to do so. For example – appointment of a Tobacco Monitor for each class from amongst the students in the class. Participation of the most important stakeholder, the students of secondary school (classes IX to XII), would be key to successful implementation of the initiative. Care should be taken that tobacco users may not be designated as Tobacco Monitors.

3.4 The EI management should ensure that ***no tobacco products are sold*** inside the premises and in an area within a 100 yards from the premises. Any violation should be reported to the National Quitline at 1800-11-2356. The Management should also, if possible, with the help of local law enforcement authorities and community, including parents, make efforts to stop such sales. It may be noted that the Head of the Institution is also authorized to collect fine for violation of section 6(b), sale of tobacco products within 100 yards of an educational institution. EI should also with the help of local authorities mark such boundaries /area which clearly defines the 100

yards area to ensure that no tobacco products are sold within marked area.

3.5 The EI management must not permit any use of tobacco products in the premises of the institution by anybody, including students, teachers, other staff members, school buses' drivers & staff and visitors. Observance of the "No Tobacco Use" norm should be included in EI's code of conduct guidelines and action should be taken against such violations as per EI's internal policy. This may include community service, information to and discussions with parents. Another suggestion is to make tobacco users ineligible for the Student\Teacher\Staff of the Year Award or other awards given for co-curricular excellence.

3.6 Since the premises of all EIs by their nature are public places, smoking inside the premises of an EI is a violation of section 4 of the COTPA. The Head of all Educational Institutions are also authorized to impose and collect fine under the COTPA, 2003 for such violations.

3.7 The Food Safety and Standards (Prohibition and Restrictions on Sales) Regulation, 2011 prohibits the use of tobacco and nicotine as ingredients in food products and as such various States have issued necessary orders for prohibiting the sale of Gutkha and Pan Masala (containing tobacco or nicotine). In 2016, communication was sent to all States/UTs to pass necessary orders in compliance of the Hon`ble Supreme Court order dated 23.09.2016 and ensure that the manufacture, storage, distribution or sale of gutkha and pan masala (containing tobacco or nicotine) and any other products marketed separately having tobacco or nicotine in the final product by whatever name called, whether packaged or un-packaged and/or sold as one product, or though packaged as separate products, sold or distributed in such a manner so as to easily facilitate mixing by the consumer is prohibited in the jurisdiction of the respective States. Though Pan Masala without tobacco and/or nicotine is a standardized product under the Food Safety and Standards Act, 2006 and Regulations made thereunder, it may be noted that it is injurious to health and its use should be discouraged.

3.8 The EI should also help tobacco users and tobacco addicts to quit tobacco by encouraging them to avail the Quitline services and mCessation services. Information about these services can be obtained from the Quitline.

3.9 A ToFEI must not participate in any event sponsored by any firm or a subsidiary of a firm or a seller, which promotes the use of or manufactures or sells tobacco products in any form. EIs/ Students should also not accept any prize or scholarship instituted by such firms.

3.10 The EI management and the Tobacco Monitors must also be vigilant to note the tobacco substitutes such as e-cigarettes and the like devices viz. Heat-Not-Burn devices, Vape, e-Sheesha, e-Nicotine Flavoured Hookah. Such products, though not tobacco products, are also harmful for health. E-cigarettes come in many shapes and sizes which look like regular cigarettes, cigars, pipes, pens, USB flash drives, with sleek high-tech design with re-chargeable batteries. These products are usually marketed as being safer alternatives for conventional cigarettes but such notion of safety is false. There is evidence that these products induce adolescents and young adults to nicotine use leading to addiction. Any use of such products on the campus may be reported to the Quitline.

3.11 The Institution may use the Self-Evaluation Scorecard for Tobacco Free Educational Institution given in **Annexure IV**, to assess the status of implementation of the ToEFI Guidelines in their institution on half-yearly basis and to get a certificate to this effect to those EIs who score 90% and above marks. Once the EI is satisfied that they have achieved the benchmark score, the

EI can choose to participate in the ToFEI Award Scheme. A ToFEI Certificate will be awarded to a ToFEI if the EI's score is found to be equal to or more than the benchmark score after verification. Details of the ToFEI Award Scheme will be issued separately by the MoHFW.

3.12 **Tobacco Control activities**: The EI should undertake tobacco control activities from time to time. Some suggestive activities are as under –

- Assemblies for taking pledge against tobacco,
- Poster/slogan/essay/quiz/debate competitions and street plays etc. Posters so developed with information about the harmful effects of tobacco should be displayed at prominent places in the educational institution.
- The EI management should encourage tobacco control initiatives by students /teachers/ other staff and certificates of appreciation or awards may be given to those who take initiative and do good work in this regard.
- The EI should invite the local law enforcement authorities /and health authorities to be the part of school assembly and deliver an address on tobacco control. This will facilitate in advocating the policy makers on tobacco related issues.
- Marking of 100 yards area from the outer limit of boundary wall / fence of the EI.

The above list is only suggestive and the EI team should explore other options as well.

# 4. ROLES & RESPONSIBILITIES

4.1 **Ministry of Health & Family Welfare – Tobacco Control Division (National Tobacco Control Cell)**

4.1.1 To ensure that communications/advisories are sent to State Tobacco Control Cell for monitoring these guidelines at regular intervals.

4.1.2 IEC materials/ prototypes like posters, flip charts, brochures must be disseminated to States and uploaded on the NTCP website www.ntcp.nhp.gov.in

4.1.3 To collaborate with Ministry of Human Resource Development (Department of School Education and Department of Higher Education) for inclusion of a chapter on the harmful effects of tobacco use in curricula.

4.1.4 To develop a monitoring mechanism for evaluation and assessment of implementation of Guidelines for ToFEI through internal review mechanism.

4.1.5 The National Cell will also put a mechanism in place for certification of EIs and for providing a Certificate to an EI that successfully reaches the benchmark score of 90/100.

4.2 **STATE/DISTRICT TOBACCO CONTROL CELL:**

4.2.1 Coordinate with State Education Departments (School/Higher/Technical/Medical Education) to institutionalize tobacco control by incorporating tobacco control activities in their Academic calendar. Efforts should also be made to make these guidelines a part of the terms and conditions for affiliation to the State Education Board.

4.2.2 Coordinate with State Education Departments for sending circular to all Heads of Institutions to comply with the guidelines and permitting them to utilize the funds available under the untied grants available to Educational Institutions through government grants.

4.2.3 District Authorities and Local Bodies should be encouraged to set up institutional mechanisms to facilitate implementation of these guidelines and monitoring and review implementation and also to provide support to managements of institutions taking initiative for helping enforcement of COTPA.

4.2.4 To ensure the dissemination of these guidelines in all educational institutions in coordination with Education Departments. Funds under National Tobacco Control Programme can be utilized for this.

4.2.5 To make efforts to get questions related to 'Tobacco Free Educational Institution' included in existing monitoring/inspection mechanism of Education Departments.

4.2.6 To engage with Department of Rural Development/Urban Administration for setting up institutional mechanism for supervision and monitoring of these guidelines through Village Health, Sanitation & Nutrition Committees in rural areas and Mahila Arogya Samitis and Mohalla Samitis\Ward Sabhas in urban areas.

4.2.7 Representatives of the State Education Departments (School/Higher/Technical/Medical Education) should be co-opted in the State and District Level Coordination Committees and status of implementation of these guidelines should be reviewed in each of their meetings.

4.3 **Civil Society Organizations:**

Civil Society Organizations (CSO) can play a pivotal role in implementation of guidelines, specially in its dissemination and in building capacities of managements and teams in Educational Institutions. CSO can also support the STCCs, DTCCs and EIs by providing inputs such as technical assistance for IEC. The CSOs can also undertake assessment of implementation status of these guidelines in an EI and assist the institution in removing gaps in implementation or mobilize support from the local institutions, wherever necessary. The STCCs and DTCCs can and should look to actively partner with CSOs, wherever possible, for not only implementation but also for eliciting valuable feedback about implementation status and challenges, to effect course corrections.

# ANNEXURE - I

| ACT | Section | Offence | Penalties |
|---|---|---|---|
| **COTPA** | Section 4* | Smoking in Public Places | Fine upto Rs.200 under section 21 |
| | Section 6a* | Sale of tobacco products to or by minors | Fine upto Rs.200 under section 24 |
| | Section 6b* | Sale of tobacco products within 100 yards of any Educational Institute | Fine upto Rs.200 under section 24 |
| | Section 5 | Direct/indirect advertisement of tobacco products and scholarship/ sponsorship of any event by tobacco companies | Under Section 22- **First Offence:** Fine up to Rs. 1000/- or imprisonment up to two years or both<br>**Subsequent offence**: Fine up to Rs. 5000/- or imprisonment up to five years or both |
| | Section 7 | Mandatory display of specified health warnings on all tobacco product packs | Under Section 20 – **First Offence for Producer or Manufacturer:** Fine up to Rs 5,000/- or imprisonment up to two years or both. **Subsequent Offence:** Fine up to Rs 10,000/- and imprisonment up to five years<br>Under Section 20 – **First Offence for Seller or distributor:** Fine up to Rs 1,000/- or imprisonment up to one year or both. **Subsequent Offence:** Fine up to Rs 3,000/- and imprisonment up to two years |
| **Juvenile Justice Act** | Section 77 | Giving or causing to give any addictive substance including tobacco to minors | Upto 1 lakh fine and 7 years imprisonment |
| **Indian Penal Code** | Section 268 | Creating Public nuisance which causes any common injury, danger or annoyance to the public | Fine upto Rs. 200/- |
| | Section 269 | Negligent act likely to spread infection of disease dangerous to life | Imprisonment upto 6 Months or Fine or both |
| | Section 278 | Making atmosphere noxious to health | Fine upto Rs. 500/- |
| **Food Safety and Standards Act, 2006 (FSSA, 2006)** | Regulation 2.3.4 of Food Safety and Standards (Prohibition and Restrictions on sales) Regulations, 2011 | Use of Tobacco and nicotine as ingredients in any food products. | Penalty not exceeding Rs. 10.00 lakh under Section 57 (1) (ii) of FSSA, 2006 |

* A list of authorized officers to enforce the provisions of COTPA, 2003 and Rules made thereunder is as under;

Following persons shall be authorized to impose and collect the fine against the violation of Section 4

| Sl. No. | Person Authorized to take action | Description of Public Place |
|---|---|---|
| 1 | Inspectors of Central Excise / Income tax/ Customs/ Sales Tax/Health/Transport and above | All Public Places within their jurisdiction |
| 2 | Station Master/Asstt. Station Master/ Station Head/Station in charge | Railways and all its Premises |
| 3 | All Gazetted Officers of State/ Central Government or equivalent rank and above in Autonomous Organizations /PSU | Government offices / premises and offices of the autonomous bodies and corporations |
| 4 | Director/ Medical Superintendent/ Hospital Administrator | Government and Private Hospital |
| 5 | Post Master & Above | Respective Post Office in their jurisdiction. |
| 6 | Head of the Institution/HR Manager/Head of Administration | Private Offices / Workplaces |
| 7 | College / School/Headmaster Principal/Teacher | Respective Educational Institutions |
| 8 | Librarian/Asstt. Librarian/Library in-charge/ other administrative staff in library | Libraries/ Reading Rooms. |
| 9 | Airport Manager/Officers of Airport Authority of India and Officers of all schedule Airlines | Airports |
| 10 | Director Public Health/ Director Health Services | All Public Places |
| 11 | In charge Administration in Central/ State Government. | All Public Places |
| 12 | Nodal Officers/Focal Points of Anti-Tobacco Cell at District and State level | All Public Places |
| 13 | Police Officers not below the rank of Sub-Inspector of Police | All Public Places within their jurisdiction. |
| 14 | Officers of State Food & Drug Administration not below the rank of Sub-Inspector of Police. | All Public Places within their jurisdiction. |
| 15 | Representatives of Panchyati Raj Institutions (Sarpanch / Panchayat Secretary) | All Public Places within their jurisdiction. |
| 16 | Dist Program Manager/ Finance Manager – Dist Health Society (National Rural Health Mission) | All Public Places within their jurisdiction. |
| 17 | Civil Surgeon /Chief Medical Officer(CMO) at District Hospital/ Medical Officer at Primary Health Centre (PHC) | Hospital Buildings /Health Institutions/ dispensaries |
| 18 | Registrar/ Deputy Registrar/ Public Prosecutors/ Government Counsels. | Court Buildings |
| 19 | Inspector of Schools/ District Education officer | Educational Institutions |
| 20 | Traffic Superintendents /Asst Traffic Superintendents / Bus Station Officer / Ticket Collector or Conductor. | Public Conveyances |
| 21 | Travelling ticket Examiner/ Chief Ticket Inspectors/ Ticket Collectors/ Officers not below the rank of ticket collector or equivalent rank not below the rank of Asst Sub-Inspector of Railway Protection Force | Railways |

Following persons shall be authorized to impose and collect the fine against the violation of Section 6 (a & b)

| Sl. No. | Authorized Person to enforce section 6 (a & b) |
|---|---|
| 1. | Vice Chancellor or Director or Proctor or Principal or Headmaster or In-Charge of an Educational Institution |
| 2. | Assistant Labour Commissioner from the Department of Labour |
| 3. | All officers of the rank of Sub-Inspector in State Food and Drug Administration from the Department of Food and Drugs |
| 4. | All officers of the rank of Inspectors from the Department of Education |
| 5. | All police officers of the rank of Sub-Inspector of Police and above |
| 6. | Municipal Health Officers |
| 7. | Representatives of Panchayati Raj Institutions (Chairperson or Sarpanch or Panchayat Secretary) |
| 8. | District Programme Manager or Finance Manager- District Health Society (National Rural Health Mission) |
| 9. | Civil Surgeon or Chief Medical Officer at District Hospital or Medical Officer at Primary Health Centre (PHC) |
| 10. | Block Development Officer, Block Extension Educator(BEE) |
| 11. | Director or Joint Director Department of Health, and Department of Education in the State Government |
| 12. | Nodal Officers of State and District Tobacco Control Cell under National Tobacco Control Programme |

## ANNEXURE - II
## (Prototype Sign Board/Wall Paint)

# TOBACCO FREE EDUCATIONAL INSTITUTION

Sale of cigarettes and other tobacco products in an area within radius of one hundred yards of this educational institution is strictly prohibited and is a punishable offence.

**If you see any violation, please report to –**

Name ____________________

Designation ____________________

Contact Person ____________________

OR


**Call at Quitline Number – 1800-112-356 (Toll free)**

**By Order**

45 CM

60 CM

# ANNEXURE –III
## (Prototype Sign Board / Wall Paint)



# ANNEXURE - IV

| Self-Evaluation Scorecard for Tobacco Free Educational Institution | | | |
|---|---|---|---|
| Name of the Educational Institution:-<br><br>Name and Designation of Evaluator:-<br><br>Date of Evaluation:-<br><br>**Final Score of the Educational Institute:** ........................................................................ | | | |
| **Sl. No.** | **Criteria** | **Weightage Points** | **Scored points by the Institute** |
| 1 | Display of 'Tobacco Free Area' Signage inside the premise of Educational Institute at all prominent place(s). | Mandatory (10) | |
| | The name/designation/contact number are mentioned / updated in the signage | Mandatory (10) | |
| 2 | Display of "Tobacco Free Education Institution" signage at entrance/ boundary wall of Educational Institute. | Mandatory (10) | |
| | The name/designation/contact number are mentioned / updated in the signage | Mandatory (10) | |
| 3 | No evidence of use of tobacco products inside the premise i.e. cigarette/beedi butts or discarded gutka/tobacco pouches, spitting spots. | Mandatory (10) | |
| 4 | Poster or other awareness materials on harms of tobacco displayed in the premise. | 9 | |
| 5 | Organisation of at least one tobacco control activity during last 6 months. | 9 | |
| 6 | Designation of Tobacco Monitors and their names, designations, and contact number are mentioned on the signages | 9 | |
| 7 | Inclusion of "No Tobacco Use" norm in the EI's code of conduct guidelines | 9 | |
| 8 | Marking of 100 yards area from the outer limit of boundary wall / fence of the EI. | 7 | |
| 9 | No shops selling tobacco products within 100 yards of the Educational Institute. | 7 | |

## Prototype of a receipt

(Name and Address of educational institution)

**RECEIPT**

**Receipt No. 851** Date :.............................

Received Rs. ......................................... (in words) ...................................................................
from ............................................. D/S/o.......................................................................................
R/o...................................................................................................................................
..........................................................................................on account of fine for violation of Section-4/Section-6/Others at..................................(Name of the Place) under the provisions of the Cigarettes and other tobacco products (prohibition of advertisement and regulation of trade and commerce, production, supply and distribution) Act, 2003

**Signature of the Offender** **Signature of the Authorized Officer**

# Abbreviations used in the Guidelines

| | |
|---|---|
| COTPA | Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 |
| CSO | Civil Society Organizations |
| CVD | Cardio Vascular Diseases |
| DTCC | District Tobacco Control Cell |
| EI | Educational Institutions |
| GATS | Global Adult Tobacco Survey |
| NTCP | National Tobacco Control Programme |
| STCC | State Tobacco Control Cell |
| ToFEI | Tobacco Free Educational Institution |

**રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ**
**આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, સુરત**
**તારીખ : ૧૧-૦૭-૨૦૨૪ નાં રોજ મળેલ ટોબેકો ડિસ્ટ્રિક્ટ લેવલ કો-ઓર્ડિનેશન કમિટી મીટીંગની કાર્યવાહીની નોંધ.**

તા. ૧૧-૦૭-૨૦૨૪ ના રોજ સાંજે ૧૬:૦૦ કલાકે માન.કલેકટરશ્રી સુરતના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ લેવલ કો-ઓર્ડિનેશન કમિટી (ડી.એલ.સી.સી) ટોબેકો ની ત્રિમાસિક બેઠક મળેલ હતી. આ બેઠકમાં સામેલ પત્રક-૧ મુજબના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

| અનુ નં | અધિકારીશ્રી/કર્મચારીશ્રીનું નામ | હોદ્દો | કમિટી હોદ્દો |
|---|---|---|---|
| ૧. | ડૉ. સૌરભ પારધી (IAS) | માન. કલેકટરશ્રી, સુરત | અધ્યક્ષશ્રી |
| ૨. | શિવાની ગોયલ (IAS) | માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી ,સુરત. | સભ્યશ્રી |
| ૩. | ડૉ. અનીલ બી પટેલ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સુરત | સભ્યશ્રી |
| ૫. | ડૉ. સુજીત પરમાર | અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| | ડૉ. પીયુષ વાય શાહ | જિલ્લા આર.સી.એચ અધિકારીશ્રી, સુરત | સભ્યશ્રી |
| ૬. | ડૉ. કૌશિક મહેતા | જિલ્લા એપીડેમીક મેડિકલ અધિકારીશ્રી, સુરત. | સભ્યશ્રી |
| ૭. | શ્રી એ. જે ચૌધરી | જિલ્લા ફૂડ સેફટી ઓફિસરશ્રી , સુરત. | સભ્યશ્રી |
| ૮. | ડૉ. પી.કે સાવરકર | જિલ્લા એગ્રીકલ્ચર ઓફિસરશ્રી , સુરત. | સભ્યશ્રી |
| ૯. | વી.ઈ.વસવા | નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, સુરત | સભ્યશ્રી |
| ૧૧. | ચીફ ઓફિશરશ્રી નગરપાલિકા તમામ | તમામ નગરપાલિકા, સુરત | સભ્યશ્રી |
| ૧૩. | તાલુકા આરોગ્ય અધિકારીશ્રી તમામ | તમામ તાલુકા , સુરત | સભ્યશ્રી |
| ૧૪. | શ્રી પરેશ એસ. તપનીયા | પ્રતિનિધિશ્રી જિલ્લા માહિતી ઓફિસરશ્રી , સુરત. | આમંત્રિત |
| ૧૫. | ડો.પરેશ બી.સુરતી | એપીડેમોલોજીસ્ટ, જિ.પં.સુરત. | આમંત્રિત |
| ૧૬. | ડૉ. ગીતા એમ. તરસરિયા | ડી. પી. સી., સુરત | આમંત્રિત |
| ૧૭. | શ્રી પ્રદીપ પટેલ | જિલ્લા આઈ.ઈ.સી ઓફિસરશ્રી , સુરત. | આમંત્રિત |

કોરમ થવાથી મિટિંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી. સૌ પ્રથમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને એપીડેમીક મેડીકલ ઓફિસરશ્રીએ તમામ હાજર રહેલા સભ્યોનું મીટીંગમાં સ્વાગત કરી એજન્ડા વાઇઝ કાર્યવાહીની શરૂઆત કરી હતી.

**એજન્ડા ૧: ગત મીટીંગ મીનીટ્સનું વાંચન :-**

ગત ત્રિમાસિક ટોબેકો ડિસ્ટ્રિક્ટ લેવલ કો-ઓર્ડિનેશન કમિટી મીટીંગની કાર્યવાહીની નોંધ નું વાંચન કરી,સર્વાનુમતે બહાલી આપવામાં આવી. જેમાં નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

**એજન્ડા ૨: COTPA -૨૦૦૩ અન્વયે રીપોર્ટીંગ સમીક્ષા :**

શ્રી ડો.કૌશિક મહેતા, જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી (ટોબેકો) સુરત, દ્વારા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યુ કે, તમાકુ નિયંત્રણ માટેનો કાયદો COTPA-૨૦૦૩ હેઠળ કલમ-૪ કલમ-૫ કલમ-૬ કલમ-૭ દ્વારા જન જાગૃતિ અને તમાકુ નિયંત્રણ અધિનિયમના અમલીકરણ અંગેની કામગીરી કરવામાં આવે છે.જેમાં જુદા જુદા વિભાગો જેવા કે સુરત ગ્રામ્ય પોલીસ, ST નિગમ, સુરત મહાનગરપાલિકા, (કડોદરા,બારડોલી,માંડવી,તરસાડી) નગરપાલિકાઓ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા માસિક રીપોર્ટીંગ કરવામાં છે, જેમા ચાલુ માસ દરમિયાન જિલ્લા સ્કવોડ ટીમ દ્વારા ચોર્યાસી પોલીસ વિભાગ સાથે (લાજપોર સહીત જી.આઇ.ડી.સી ) ખાતે તમાકું ધારો-૨૦૦૩ નુ સઘન અમલીકરણ કરી દંડ વસુલ કર્યો હતો, જેની જાણ માન.કલેકટરશ્રીને કરવામાં આવી.

**એજન્ડા ૩: COTPA -૨૦૦૩ અન્વયે વસૂલ કરેલ દંડની સમીક્ષા :**

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત COTPA-૨૦૦૩ હેઠળ કલમ-૪ કલમ-૫ કલમ-૬ કલમ-૭ ના રીપોર્ટીંગ પત્રક પરથી સમીક્ષા કરતાં સુરત ગ્રામ્ય પોલીસ ST નિગમ, સુરત મહાનગરપાલિકા દ્વારા માસિક દંડ વસુલતાની ખૂબ સારી કામગીરી કરવાંમાં આવેલ જેની પ્રશંસા કરવામાં આવી પરંતુ નગરપાલિકા કડોદરા,બારડોલી,માંડવી,તરસાડી દ્વારા નિયમિત રિપોર્ટ ન થતા હોઇ તેની નોંધ લેવામાં આવી. તેમજ અન્ય વિભાગો કે જેઓ નિયમિત રિપોર્ટ ન કરતા હોઇ, તેવા વિભાગો રાબેતા મુજબ નિયમિત માસિક રિપોર્ટ કરતા થાય, જે માટે માન. કલેકટરશ્રી દ્વારા સુચના આપવામાં આવી.

## એજન્ડા ૪: પ્રચાર, પ્રસાર, તાલીમ અંગે ચર્ચા :

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે જુદી જુદી IEC પ્રવુતી કરવામાં આવે છે જેમાં,

1. આરોગ્ય કાર્યકર (સુપરવાઈઝર-પુરૂષ) તાલીમ તાલુકા વાઇઝ કુલ ૦૨ બેચમાં કરવામાં આવેલ.
2. ST વિભાગન,ઓલપાડ ડેપોમા ડ્રાઈવર કંડેકટર ભાઈઓની તાલીમ યોજવામાં આવી.
3. સુરત ગ્રામ્ય પોલીસ જીલ્લા મેલેરિયા શાખા ન્યુ સિવિલ કેમ્પસ મુકામે વર્કશોપ યોજવામાં આવેલ.
4. શાળા કાર્યકર્મ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિધાર્થીઓને ડ્રોઇંગ સ્પર્ધા, નિબંધ લેખન, વકૃત્વ સ્પર્ધા અને ક્વીઝ દ્વારા શાળાના વિધાર્થીઓને પ્રોત્સાહિત કરી ઈનામ વિતરણ કરવામાં આવેલ.
5. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યકર્મ અંતર્ગત સિવિલ હોસ્પિટલ સુરત, ઓ.પી.ડી. નં-૧૩ માનસિક રોગ વિભાગ, રૂમ નં-૧૦૧ ખાતે ટોબેકો સિશેન સેન્ટરમાં કાઉન્સેલીંગ તેમજ ફોકસીંગ ગ્રૂપ ડિસ્કસનની એકટીવીટી કરવામાં આવે છે અને બ્રોસર્સનું વિતરણ કરવામાં આવે છે
6. સુરત ગ્રામ્યમાં તમાકુથી થતાં નુકસાન અંગે જાગૃતિ લાવવા હોર્ડીંગ્સ લાગવામાં આવેલ છે.

## એજન્ડા ૫ : આગમી આયોજન બાબતે ચર્ચા :

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યકર્મ અંતર્ગત આગામી વર્ષ ૨૦૨૪-૨૫ ના ત્રિમાસિક કામગીરીના આયોજન માટે

1) રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યકર્મ અંતર્ગત જીલ્લા કક્ષાએ તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા નું અમલીકરણ કરાવવું. ,
   i. જીલ્લાના જુદા – જુદા તાલુકા ખાતે પ્રાથમિક શાળામાં રેલી, સભા અને " ચિત્ર સ્પર્ધા – નિબંધ સ્પર્ધા " નું આયોજન.
   ii. સરકારી કોલેજ ઉમરપાડા તાલુકો ઉમરપાડા મુકામે રેલી, સભા અને " બર્નિંગ સિગારેટ " ડેમો નું આયોજન.

2) સુરત ગ્રામ્ય વિસ્તારની ગ્રામ પંચાયતોમાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યકર્મ અંતર્ગત સરપંચશ્રી , ગ્રામ સેવક તેમજ આશા/આંગણવાડી વર્કર, ગામના સ્થાનિક આગેવાનો સાથે સભાનું આયોજન.
3) જિલ્લાના તમામ MO ડોક્ટર્સને COTPA-૨૦૦૩ અધિનિયમ અંગેની તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. (તારીખ: ૧૨/૦૭/૨૦૨૪)

૪) સ્મોક ફ્રિ વિલેજ અમલીકરણ અંતર્ગત તાલુકા દીઠ-બે ગામોનું સ્મોક ફ્રી વિલેજ કેમ્પેઇન આયોજન.

**એજન્ડા ૬: કલેક્ટરશ્રી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી સુરતના અધ્યક્ષ સ્થાનેથી નીચે મુજબના સૂચનો કરવામાં આવ્યા.........:**

1- માન. કલેકકટરશ્રી દ્વારા દંડ વસૂલાત અંગે કામગીરીની સમીક્ષા કરતાં, દરેક વિભાગને COTPA-૨૦૦૩ નું સઘન અમલીકરણ થાય એ માટે સુચન આપવામાં આવ્યા. તમાકુ થી થતા નુકશાન વિષે લોકોમાં જાગૃતિ લાવવા અર્થે IEC એક્ટીવીટી હાથ ધરવી, તેમજ દરેક વિભાગો સાથે સંકલન રાખી તમાકુ મુક્ત વિસ્તાર બનાવવાની પહેલ હાથ ધરવી. તેમજ નગરપાલિકાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દ્વારા દંડ વસૂલાત દર માસે નિયમિત રીતે કામગીરી થાય એ માટે આગ્રહ પૂર્વક અમલીકરણ થવા જણાવેલ છે.

2- માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા મિટીંગમાં હાજર ન રહેલ વિભાગને સુચના આપવા જણાવવામાં આવ્યું, તેમજ જે તે વિભાગ કાર્યક્રમ સાથે જોડાણ ધરાવતા હોઇ એમની હાજરી તેમજ કાર્ય અર્થેના અભિપ્રાય લેવા જરૂર જણાયે **કલેક્ટરશ્રી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી** ની સહી થી લેટર કરવા સુચન આપવામાં આવ્યા. .

3- માન. કલેક્ટરશ્રી, માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વાર પોલીસ વિભાગ, ફુડ એન્ડ ડ્રગ વિભાગ, ST નિગમ, શિક્ષણ વિભાગ, ખેતીવાડી વિભાગ, નગરપાલિકા, તાલુકા હેલ્થ કચેરી સહિતના તમામ અધિકારીશ્રીઓ દ્વારા દંડ વસુલતાનું રીપોર્ટિંગ દર માસની પાચમી તારીખ પહેલા નિયમીત રીતે થાય તે માટે તમામ ને સૂચન આપવામાં આવ્યા.

ચર્ચાના અન્ય કોઈ મુદ્દાઓ ન રહેતા હાજર સર્વનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

29/7/24

**સભ્યસચિવશ્રી**
**જિલ્લા ટોબેકો સ્ટિયરિંગ કમિટી-સુરત અને**
**મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી-સુરત**

**ચેરમેનશ્રી**

**કલેક્ટરશ્રી-સુરત**